ચીખલી તાલુકાનું

શિક્ષણ.

(ધોરણ બીજા સારૂ.)

રચનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર.

નારણદાસ નવલરામ,

ઠે૦ કેળાપીઠ–સુરત.

વેચનાર– બુકસેલર શાનદાસ નારણદાસ,

ઠે૦ નાણાવટ–સુરત.

" બુકસેલર–લલ્લુભાઇ નારણદાસ.

ઠે૦ લીમડાચોક–સુરત.

આવૃતિ ૧ લી   સને ૧૯૧૫   પ્રત ૧૦૦૦

કીંમત રૂ ૦–૧–૦.

ચીખલી તાલુકાનું શિક્ષણ.

સામાન્ય વર્ણન.

સીમા—ઉત્તરે અંબીકા નદી જલાલપોર તાલુકાનો પૂર્વ ભાગ અને ગાયકવાડી મહુવા તાલુકો. દક્ષિણે ઓરંગા નદી અને વલસાડ તાલુકાનો પૂર્વ ભાગ તથા ધરમપુરનું રાજ છે. પૂર્વે વાંસદાનું રાજ્ય અને ગાયકવાડનું રાજ છે. પશ્ચિમે ગાયકવાડી ગણદેવી પરગણું, અને વલસાડ તાલુકાનો ઉત્તર ભાગ છે.

વિસ્તાર—લંબાઇ ઉત્તરે મારવાડથી દક્ષિણે ખેરગામ સુધી ૧૬ માઈલ છે. પહોળાઇ ૧૧ માઈલ છે.

આકાર—લંબચોરસ પણ કાંઈક વાંકો છે.

કુદરતની ખુબી—જમીન ગોરાડું, કાંકરવાળી, કાળી અને બેસર છે. પાણીની છતને લીધે જુના ગામો આબાદ હોવાથી વસ્તિ ઓછી છે. જમીન ઉંચી નીચી છે પૂર્વ ભાગ ઉંચો છે, ખાડીઓ ઘણી છે દેખાવ જંગલને મળતો વેરાણ ને પહાડી છે. પડતરને પત્થરવાળી જમીન બહુ છે.

ડુંગરો—બેંધણ, બામણવેલ ને આલીપોરની ડુંગરી છે, પૂર્વનાં પર્વતો સવારે તથા સાંજે દરેક ગામથી દેખાય છે.

નદીઓ—અંબીકા, કાવેરી, ખરેરા. **અંબીકા**—ગાયકવાડી જંગલમાંથી નીકળી આ તાલુકાની ઉત્તરે વહી અરબી સમુદ્રને મળે છે. એનાપર ખાપરીઆ, મલ્વાડ, જોગવાડા, ચીતાલી અને સરૈયા છે. **કાવેરી**—વાંસદાના રાજ્યમાંના જંગલમાંથી નીકળી વાઘરેચ

આગળ અંબીકાને મળે છે એનાપર ચીખલી, હમણુગામ, દોણુજા, મલવાડા ને ઘેકડી છે. ખરેરા—ધરમપુરના રાજ્યમાંથી નીકળી ઉત્તર તરફ વહી ઉંડાચ આગળ કાવેરીને મળેછે. એનાપર કણુજાઇ, પીપલગભાણુ, અને મલીઆધરા છે.

તળાવ—ચીખલી, આંડ, ફડવેલનાં તળાવ છે, ચીખલીમાં કમળ પુષ્કળ છે. દરેક ગામે તળાવ છે.

ધોધ—કાવેરીમાં ખાંભડા આગળ દીવાનો ધોધ છે

હવા—આ તાલુકાના હવા પાણી એકંદરે નબળાં ગણાય છે. પણ આ તાલુકાના પૂર્વ છેડાપરના કેટલાક ગામો કે જે વાંસદાના રાજ્યની નજદીકના છે તેના હવા પાણી ઘણાં નબળાં છે કારણ કે જંગલ હોવાથી હવા ભેજવાળીછે પાણી પાળીઆછે, વરસાદ ૫૦થી ૭૫ ઇંચ પડે છે.

વનસ્પતિ—આ તાલુકામાં આંબાના ઝાડો ઘણાછે ને તે દરેક ગામમાં છે ખજુરીની પેદાશ ઠીકછે એ સિવાય બાવળ, આમલી બોરડી, પીપળો, વડ, લીમડો, સેગટો, સાગ, ખેર, મહુડો, જામફળી સીતાફળી, ફણુસ વગેરેનાં ઝાડો પણ જોવામાં આવે છે.

ખનીજ પદાર્થ—નદીઓમાંથી તથા તેના ભાઠામાંથી મોટા કાળા પત્થર તથા નાની નાની ખાડીઓમાંથી મરડીઆ કાંકરા તથા ચુનાના પત્થરો મળી આવે છે. કાંકરા છો પકવવામાં તથા પત્થરો ચુનો પકવવાના કામમાં આવેછે બધી જગ્યાનું તળીઉ પત્થરવાળુ છે.

જાનવરી પેદાશ—પશુઓમાં બળદ, ગાય, ભેંસ, ઘોડા, ઘેટાં, બકરા, ગધેડા, હરણુ, શિયાળ વગેરે જોવામાં આવે છે, કોઇ કોઇ વાર જંગલમાંથી વાઘ પણ આવે છે પક્ષિઓમાં તીતર, પોપટ

કબુતર, બગલા, કાગડા બતક, સરેસ, મોર વગેરે પણ જોવામાં આવે છે.

ધર્મ—શીવમાર્ગી, વિષ્ણુમાર્ગી વગેરે હિંદુઓનાછે મુસલમાનો સુન્નીપંથનાછે કાળીપરજ પાળીઆ દેવને તથા સામળા દેવને માનેછે.

વસ્તી--૧૦૫૯૪ માણુસની છે, તેમાં મુખ્ય હિંદુ અને મુસલમાનની છે. મુસલમાનની વસ્તી હિંદુથી ઓછી છે. પારસીની વસ્તી જુજ છે, કાળીપરજની વસ્તિ પુષ્કળ છે. ઢોડીઆ, નાયકા એ મોટા ખેડુતો છે, સરૈયામાં ઢોડીઓ તાલુકાબોર્ડનો મેમ્બર છે, પટેલો તથા તલાટી, માસ્તરની નોકરી કરે છે.

ભાષા--સામાન્ય ભાષા ગુજરાતી છે. મુસલમાનો ઉર્દુ બોલે છે કાળીપરજ પોતાની બોલી બોલે છે.

ધંધો—મુખ્ય ધંધો ખેતીનો છે કસ્બામાં દુકાનદારી ધંધો સુથાર, લુહાર, સોની, ખત્રી વગેરે કારીગરોનો છે.

નિકાસ અને આયાત—ગામોમાંથી ડાંગર, કપાસ, દીવેલી કોદરા, શેરડી. ગોળ, વાલ, વટાણા વગેરે કસ્બા અને શહેરોમાં જાય છે અને તેના બદલામાં કસ્બા અને શહેરોમાંથી કાપડ, દીવાસળી, ઘાસલેટ, મીઠું, ખાંડ, લોખંડી સામાન, કરીઆણું વગેરે જાય છે.

રસ્તા:—પગ રસ્તે ગાડાઓમાં માલ લઇ જવા લાવવાને સડકો બાંધેલી છે વાંસદાથી બીલીમોરા સુધી, ચીખલીથી ખેરગામ સુધી, ચીખલીથી મટવાડ સુધી, ચીખલીથી હોંડ સુધી, ચીખલીથી ફડવેલ સુધી સડક છે. આ તાલુકામાં હાલમાં ગાયકવાડ સરકાર તરફથી ખોલવામાં આવેલી બીલીમોરા કાલા આંબા રેલવે છે તેના સ્ટેશન દેગામ, ને રાનકુવા છે.

રાજ્યરીતિ.

તાલુકાના અધિકારીઓ.-

(૧) મામલતદાર (૨) ફોજદાર (૩) ઓવરશીયર (૪) ડોકટર (૫) આસી. ડેપ્યુટી. એજયુ. ઇન્સ્પેકટર (૬) આબકારી ઇન્સ્પેકટર (૭) લોકલફંડ કલાર્ક (૮) પોષ્ટ માસ્ટર (૯) રજીસ્ટ્રાર.

મહેસુલી ખાતું-આ ખાતાનો મુખ્ય અધિકારી મામલતદાર છે તેનો અધિકાર તાલુકાના બધા ખાતાપર સામાન્ય છે. એમનું મુખ્ય કામ મહેસુલ નકકી કરવાનું, એકઠું કરવાનું, અને ફોજદારી ગુન્હાનો ઇન્સાફ કરવાનું છે એમને મદદ કરવાને અવલ કારકુન (ત્રીજા વર્ગના માજીસ્ટ્રેટની સત્તાવાળો અધિકારી) હોય છે. લોકલફંડનો વહિવટ પણ મામલતદાર સાહેબ કરે છે.

પોલિસ ખાતું-આ ખાતાના અધિકારી ફોજદાર (પોલિસ સબ ઇન્સ્પેકટર) છે એમનો અધિકાર આખા તાલુકાના પોલિસ પટેલો ઉપર છે. એમનું કામ ફોજદારી ગુન્હા જેવા કે ચોરી, ધાડ, લૂટ, ખૂન, વગેરે ગુન્હા પકડવાનું અને મામલતદાર (માજીસ્ટ્રેટ) ને ત્યાં કમિટ કરવાનું છે,

બાંધકામ ખાતું—આ ખાતાનો ઉપરી ઓવરશીયર છે, તે તાલુકાના સરકારી મકાનો ઉપર મરામત કરાવે છે તથા નવા રસ્તા તથા પૂલો વગેરે બાંધે છે.

દવાખાનું—આ ખાતાના ઉપરી આસીસ્ટંટ સરજ્યન ડોકટર) છે તે આખા તાલુકાની સુખાકારી ઉપર ધ્યાન આપે છે, તથા દરદીઓને તપાસી દવા પણ આપે છે ને શીતળા પણ કાઢે છે.

કેળવણી ખાતું—આ ખાતાના ઉપરી અધિકારીને આસી. ડેપ્યુટી એજ્યુકેશન ઇન્સ્પેકટર કહે છે તે આખા તાલુકાની નિશાળો તપાસે છે ને જોઇતા સુધારા કરે છે નવી નિશાળો કાઢવી અને બંધ કરવી એ પણ એમના અભિપ્રાયથી થાય છે આ તાલુકામાં ચીખલી તાલુકા સ્કુલ ગણાય છે, એ સ્કુલના હેડમાસ્ટર ને તાલુકા સ્કુલ માસ્ટર કહે છે.

આબકારીખાતું—આ ખાતાના ઉપરીને આબકારી ઇન્સ્પેકટર કહે છે તે સરકારની પરવાનગી વગર ભાંગ, ગાંજો અફીણ દારૂ વગેરે કેફી ચીજો વેચનારને પકડે છે, પકવનારને પકડે છે, ને માજીસ્ટ્રેટને ત્યાં કમિટ પણ કરે છે.

લોકલફંડ ખાતું—આ ખાતાનો વહિવટ તાલુકાના ચુંટી કઢાયલા મેમ્બરો કરે છે એના ઉપરી મામલતદાર સાહેબ છે મહેસુલની રકમ પ્રમાણે દર રૂપીએ એક આનો લઈ આ ખાતુ ઉપજ કરે છે ને તે ઉપજનો ઉપયોગ ગામોના રસ્તા, પુલો, નવી નિશાળો વગેરેમાં કરે છે. આ મંડળને લોકલબોર્ડ કહે છે એ ખાતાના ઉપરીને લોકલફંડ કલાર્ક કહે છે.

પોષ્ટ ખાતું—આ ખાતાના ઉપરીને પોષ્ટ માસ્ટર કહે છે. આ ખાતુ સંદેશા લઇ જવા લાવવાનું, પૈસા સાચવવાનું, પૈસા અને માલ લઈ જવા લાવવાનું, કીંમતી ચીજો લઇ જવા લાવવાનું કામ કરે છે ને તાકીદના સંદેશા (તાર) પણ લાવ લઇ જા કરેછે.

રજીસ્ટ્રાર ખાતું—આ ખાતાના ઉપરીને રજીસ્ટ્રાર કહે છે તેઓનું મુખ્ય કામ જમીનને ઘરોના વેચાણ, ગીરો, દસ્તાવેજ તથા વીલો અને ફારગતીઓ રજીસ્ટર કરવાનું છે. તે ઉપરાંત પારસીઓના લગ્ન પણ નોંધવાનું છે.

મોટાં ગામ.

[અંગ્રેજ સરકારના ખાલસા ગામો.]

૧ ચીખલી—કચેરી, પોષ્ટઓફીસ ને અંગ્રેજી નિશાળ છે. ખત્રી લૂગડાં વણે છે. દેશાઇ વતનદારોની વસ્તિ છે. **૨ આલીપોર** માં મુસલમાન વહોરા શ્રીમંત છે. પટેલને પુષ્કળ જમીન પટેલી બદલ સરકારે આપેલી છે. ઉર્દૂ નિશાળ છે. **૩ દેગામ**--અનાવલાની વસ્તિ પુષ્કળ છે. સુથારનાં ૨૦૦ ઘરો છે. ખાનગી દવાખાનું ને વાવ છે. **૪ ગણુદેવા**—અનાવલાને ઢોડીઆની વસ્તિ છે. ગેંટ ને પાસે જંગલ છે. **૫ ચાસા**--અનાવલા દેશાઈનું જાગીરી ગામ છે. મુસલમાનની વસ્તિ છે. પરદેશથી પુષ્કળ પૈસા દરવરસે લાવે છે. **૬ ખેરગામ**--મોટો કસ્બો છે. વેપારી લોકની ધમાલ બહુ છે. દવાખાનું ને પોષ્ટઓફીસ છે. **૭ પીપલગભાણ**--બાગાયતી ગામ છે. અહીં પંપ જોવા જેવો છે.

વખણાતી ચીજો:—

૧ **ખેરગામનાં** જોડા (બુટ) ૨ **બામણવેલનાં** માટીનાં વાસણ. ૩ **ખાપરીઆનાં** ઉનનાં કામળા. ૪ **તલાવચોરા, દેગામ** ને **હોંડ**ની ગાડીઓ. ૫ **દોણજાને** પીપલગભાણનો ગોળ. ૬ **પીપલગભાણની** ધોળી પાપડી. ૭ **વાંજણાની** અફીનામની ભાજી.

જાણવાલાયક સ્થળો—

મજીગામ—મલીકાર્જુન મહાદેવનું મોટું દેવળ. **અનાવલ**-શુકલેશ્વર મહાદેવનું દેવળ, **વાડ**—દર અઠવાડીએ હાટ ભરાય છે. **પીપલગભાણ**—પંપ છે.

નદી ઉપરના ગામો:—

અંબીકા ઉપર-જોગવાડ, ચીતાલી, સરૈયા, પટવાડ, ખાપરીઆ. **કાવેરી ઉપર**--દોણજા, હરણગામ, બામણવેલ, ચીખલી, મલવાડા, ધેકટી. **ખરેરા ઉપર**--કણભઇ, સીઆદા, પીપલગભાણ અને મલીઆધરા છે.

ગામના અધિકારીઓ.

(૧) મુલ્કી પટેલ (૨) પોલિસ પટેલ (૩) તલાટી (૪) સ્કુલ માસ્ટર (૫) ગામ પંચ.

મુલ્કી પટેલ -ગામનો મુખ્ય અધિકારી છે એનો અધિકાર ગામના સઘળા અધિકારી પર છે ગામ પંચનો એ અગ્રેસર છે.

પોલિસ પટેલ- ગામમાં બનતા ફોજદારી ગુન્હાપર દેખરેખ રાખે છે, અને પોલિસ ખાતાના કામમાં મદદ કરે છે.

તલાટી- મામલતદારના તાબાનો અધિકારી છે એ મહેસુલ વસુલ કરે છે, પાકનો રીપોર્ટ કરે છે જમીનની હદ અને તગાવી નક્કી કરે છે; અને જન્મ મરણની નોંધ રાખે છે.

સ્કુલ માસ્ટર-(મેહેતાજી) ગામના છોકરાઓને ભણાવે છે ને

તેને સુધારવા યત્ન કરે છે. ગામમાં પોષ્ટ માસ્ટરનુ કામ પણ કરે છે.

ગામ પંચ--ગામના ચુંટી કઢાયલા લોકોનું મંડળ છે તે ગામ સુધારાનું કામ કરે છે, તકરારી બાબતોનો નિકાલ કરે છે, આ મંડળમાં ઉપલા ચાર અધિકારી પણ હોય છે.

ઇનામી ગામો.

(અંગ્રેજ સરકારને ખંડણી આપનારા ગામો.)

જાગીરદારના ગામો—ચાસા, મજગામ, ધેજ, ખુડવેલને સીઆદા છે.

અમદાવાદ- પીરમશાના રોજા પાસે

શ્રી " સત્યસાગર પ્રિન્ટીંગ પ્રેસમાં

પટેલ પોચાભાઇ ચકુભાઇએ છાપી.